# ઈસુએ બાર્તિમાય અને બીજાઓને સાજા કર્યા

***માંદા સમુદાયને સાજાપણુ મળે માટે ખ્રિસ્તીઓ પ્રાર્થના કરે***

*જેઓ બાળકોને શિખવાડે છે તેઓ H2b વાંચે*



**પ્રાર્થના :** આકાશવાસી પિતા ,તમારો અમારા પરનો પ્રેમ કદી ઓછો થતો નથી મારા ટોળાને જયારે તેઓ માંદા અને સહન કરે છે ત્યારે તમારા ઉપરના ભરોસો કરવા સહાય કરો.

**૧. માંદા અને દુઃખી સમુદાયની સેવા કરવા તમારા ટોળાને તૈયાર કરો.**

જયાં મોટી માત્રામાં સમુદાયને સુવાર્તા અપાય છે ખ્રિસ્તી અનુયાયીઓ બને છે.ત્યાં સુવાર્તા અને માંડળિક જીવનમાં સાજાપણું સામાન્ય ભાગ ભજવે છે.

જયારે અનુયાયીઓ માંદા અને દુ.ખી છે ત્યાં ઈશ્વરનો આ માટે કોઈક ઈરાદો હોય છે. ઈશ્વરના ઈરાદા વિશે શીખવું અને તેના પર વિશ્વાસ કરવા તેમને મદદ કરવી તે આપણું કર્તવ્ય છે.

**માર્ક ૧૦:૪૬-૫૨** માંથી જાણો...

- બર્તિમાય નુ દુઃખ કેવુ ગંભીર હતું ?
- ઈસુ ટોળા માટે શુ કરશે તે અંગે બર્તિમાય શું માનતો હતો ?
- બર્તિમાયની શી વિનંતી હતી ?
- તે પોતાની ઈચ્છા પૂરી કરવા ઈસુ પાસે આવ્યો ત્યારે ઈસુએ બર્તિમાયમાં શું જોયુ ?

**યોહાન અધ્યાય ૯...**

- ઈશ્વરનો હેતુ તેનામાં પૂર્ણ થાય માટે માણસ આંધળો જન્મ્યો (૯.૧-૩)
- સાજાપણુ પામવા માટે આંધળાએ શું કરવાનું હતું ? (૯-૧૧)
- આંધળો માણસ તેના વિશે શું માને તેવું ઈસુ ઈચ્છતા હતા ? (૯.૩૫-૩૮)
- જેઓએ ઈસુમાં વિશ્વાસ કરવાનું નકાર્યુ તેમના માટે ઈશ્વરનો શો હેતુ હતો ? (૩૯-૪૧).

**હેબ્રીઓ ૧૨: ૫-૧૪...**

- જે અનુયાયીઓ દુઃખી છે તેઓને ઈશ્વર કેવી રીતે જુએ છે ? (કલમ ૫-૮)
- આપણા દુઃખોમાંથી ઈશ્વર કઈ સારી વસ્તુઓ લાવવા માગે છે ? (કલમ ૯-૧૧)
- આપણી ચાલચલગત કપટી હોય તો આપણે કેવા પગલા લેવા જોઈએ ? (૧૩).
- બીજા તરફ ખરાબ વર્તન કર્યુ હોય તો આપણે કેવા પગલા લેવા જોઈએ ? (૧૪)

**યાકુબ ૫ : ૧૩-૨૦**

- અનુયાયીઓ દુઃખી હોય ત્યારે તેમણે શું કરવુ જોઈએ ?(કલમ -૧૩)
- માંદા હોઈએ ત્યારે અનુયાયીઓએ શું કરવુ જોઈએ? (કલમ -૧૪)
- મંડળીના આગેવાનોએ માંદા અનુયાયીઓ માટે શું કરવું ? (૧૪)
- અનુયાયીઓ માંદા થાય ત્યારે શું કરવુ જોઈએ ? (૧૫)
- માંદા અનુયાયીઓ કેવી પ્રાર્થનાથી સાજા થાય ?(૧૫)
- પાપી તેના ભુલભરેલા માર્ગથી પાછો ફરે ત્યારે શું થાય છે ?(૧૦-૨૦)

**૨. આગામી અઠવાડીયા માટે તમારે કરવાની પ્રવૃતિઓનું તમારા સહાયકારો સાથે આયોજન કરો.**

જયારે પણ તમે એક કુટુંબની મુલાકાત લો અને કોઈક બિમાર છે તે જાણો ત્યારે તે બિમારી માટે પ્રાર્થના કરો જે સાજાપણું ઈશ્વરની દયા અને શકિતની સાક્ષી બનશે દરેક મંડળીના આગેવાન તેમની સાથે તેલની એક નાની બાટલી રાખવી અને બિમાર વ્યકિતઓ માટે અનુયાયીના ઘરે જવાનુ થાય ત્યારે તેને માલિશ કરવુ.

તમારી મંડળીના દુઃખી અનુયાયીના ત્યા જઈ મુલાકાત લઈ તેમની સાથે વાતચીત કરો પછી તેમને માટે પ્રાર્થના કરો.

**<u>સાજાપણા માટે માર્ગદર્શિકા</u>**

તમે જયારે માંદા અને દુઃખીઓની પ્રાર્થના માટે મુલાકાત કરો છો ત્યારે નીચેની માર્ગદર્શિકાને અનુસરો.

અ) બિમાર વ્યકિતને પ્રાર્થના બાદ ખોરાક,પીણુ અથવા બીજી કોઈ પ્રવૃતિ માટે અટકાવશો નહિ.

બ) બિમાર વ્યક્તિ અને તેમના કુટુંબના સભ્યો સાથે વાત કરો અને તેના વર્તન વિષે તેના સંબધો અને ધાર્મિક વૃતિથી માહિતગાર થાઓ આ આત્મિક કારણ તેના શારીરિક રોગ જાણવામાં મદદ કરશે.

ક) માંદગીના વિષે પવિત્ર આત્મા શું કહે છે તે સાભળો અને માંદા માટે ઈશ્વર શું કરવા માંગે છે તે જાણો

ડ) ત્રણ પ્રકારની માંદગી વિષે બિમાર વ્યકિતઓને સમજાવો. ન્યાયશાસનની બિમારી ,આપણા વર્તન અને સંબધો ઈશ્વરને નાખુશ કરે તે કારણે હોઈ શકે.

- મૃત્યુ અંગેની બિમારી ઈશ્વરની પાસે લઈ જાય છે.
- ઈશ્વરના મહિમા માટે તેની સાજાપણા માટેની શકિત દેખાડવા માટે.

ઈ) તેમણે કરેલા પાપની કબુલાત માટે બીમારને, કુટુંબને અને એકબીજાને તક આપો જેઓ પાપની કબુલાત કરે તેમના પાપો ઈશ્વરે માફ કર્યા છે તેમ જણાવો.

ફ) તેની બિમારીનું કારણ જાણ્યા પછી કેવી રીતે ન્યાયપણાથી વર્તવુ અને બીજા સાથેના સંબધો કેવી રીતે સુધારવા તે વિષે બિમારને સલાહ આપો.

ક્ષ) માંદા માટે પ્રાર્થના કરો ઈશ્વર માંદા ને સાજો કરવા ઈચ્છે છે એવું તમને લાગે તો માંદાને તેલનુ માલિશ કરી માંદાને સાજાપણું મળે તે માટે પ્રાર્થો. (ફકત દાકતર અને દવાઓ માટેજ પ્રાર્થના કરવી એટલુ પુરતુ નથી) આ વખતે ઈશ્વર માંદાને સાજો કરવા નથી માંગતા એવું તમને લાગે ત્યારે ઉપવાસથી, ધીરજથી અને આનંદથી તેને ઈશ્વર આશિર્વાદ આપે તે માટે પ્રાર્થના કરો.

૩. **આગામી ભકિત સભા માટે સહાકાર્યકરો યોજના કરો.**

ઈશ્વર કેવી રીતે માંદાને ઈસુના નામથી સાજા કરે છે તેવી તમારી **સમજણ સ્પષ્ટ કરો**

**લુક ૧૭:૧૧-૧૯** માંથી દશ કોઢીયા વિષે વાંચો



**દશ કોઢીયાને ઈસુએ સાજા કર્યા તેમાંથી ફક્ત એક તેનો આભાર માનવા પાછો આવ્યો.**

તાજેતરમાં સાજાપણુ જે અનુયાયીઓએ જોયુ હોય તેઓ **આભાર માને** અને સાક્ષી આપે બાળકને નાટક,કાવ્ય અથવા તેમણે તૈયાર કરેલા સવાલો રજુ કરે.

પ્રભુ ભોજનનો પવિત્ર સંસ્કાર પાળવા માન્ના ,ચમત્કારિક રોટલી જે ઈસ્ત્રાએલ પુત્રોને ઈશ્વરે આપી તે વિષે ની વાર્તા નિર્ગમન ૧૬માં અધ્યાયમાંથી વાંચો અથવા કહો.

ઈસુ જે આકાશમાંથી આવેલી જીવત રોટલી છે જેને વિશ્વાસથી લેવાનથી તેની જીવન આપવાની શકિતનો આનંદ આપણે કરી શકીએ છીએ તે સ્પષ્ટ કરો.

૧પિતર ૨:૨૪ મુખપાઠ કરો.

નાનુ જુથ બનાવી અનુયાયીઓ એકબીજાને પ્રોત્સાહન આપે આને પ્રાર્થના કરે.

Copyright © 2004 by Paul Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net